# દેશ અને દુનિયાની ગેસ ટ્રબલ

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

તેલ અને ગેસની અછતનું સીધું પરિણામ એ છે કે પૃથ્વી પર પ્રદૂષણ ઘટશે. ઘટી રહ્યું છે. શહેરો અને મહાનગરોની હવા ચોખ્ખી બનશે. ભારત સરકાર તેલ-ગેસની કિંમતોમાં વધારો નહીં કરે તો ચોખ્ખી હવાના શુભ લાભો ભારતની પ્રજાને ખાસ મળવાના નથી. પરંતુ હાલમાં આ વૈશ્વિક આપદા ભલે ભયંકર લાગે, પરંતુ શરીરમાં બિમારી આવે અને એ નવા પાઠ ભણાવતી જાય નવું કામ આ અછત પણ કરશે.

શ્રીમંત તેલિયા દેશો પર્યાવરણની જાળવણી અને વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતોની બાબતમાં કોઈક નક્કર પ્રગતિ થવા દેતા નથી. તેલ અને કોલસાથી દુનિયામાં પ્રદૂષણ ફેલાતુ નથી એવી જાતે લખેલી થિયરીને આધારે ડોનાલ્ડ ટ્રમ્પ પેરીસ ક્લાયમેટ સમજૂતીનો આખો મુદ્દો જ હાઈજેક કરી ગયા હતા. 2015ની એ કોન્ફરન્સ વખતે પર્યાવરણની બાબતમાં દુનિયા જેટલી સંવેદનશીલ અને ચિંતાતુર બની હતી, એટલી એ પછી ક્યારેય બની નથી. જો દુનિયાનો એક નંબરનો ઉપભોક્તા અને ઔદ્યોગિક દેશને કંઈ ન પડી હોય તો બાકીની દુનિયા સાથે મળીને પણ કંઈ ફરક પાડવાની નથી. એક અમેરિકા સ્વીમિંગ પૂલ બગાડે તો સ્વચ્છતાની ચિંતા કરવાનો મતલબ શો?

ખેર, હાલની તેલ-ગેસ કમીની આફત અનેક કારણો માટે જરૂરી હતી. એક, એ સમજણ ફેલાઈ રહી છે કે તેલ-ગેસની ઈકોનોમી આપણા જીવનમાં સર્વત્ર ઘૂસી ગઈ છે, ફેલાઈ ગઈ છે. કોરોનાના લોકડાઉન વખતે તેલ-ગેસની અછતનાં પરિણામો આપણે જોવા પડ્યાં ન હતાં, પણ ધારો કે તેલ-ગેસ ન હોય અને કોઈ ભયંકર રોગચાળો ફેલાય તો? વિચાર જ ખૂબ ભયંકર છે, પણ એટલી હદે નિરાશાને ન લઈ જઈએ તો પણ હાલની અછત ખૂબ મહામૂલા પાઠ ભણાવવાની છે. જેમ તેનાં કુપરિણામોની અસર આવનારા લાંબા સમય સુધી જણાશે તેમ તેના ફાયદાઓ પણ દુરોગામી હશે. માણસજાતના પગતળે રેલો ન આવે ત્યાં સુધી એ સુધરતી નથી. રેલો આવીને જતો રહે એટલે સમજણ ફરી ઠેરની ઠેર. માટે કુદરત બોધપાઠનું પુનરાવર્તન કરતી રહે છે. હાલનું એક વધુ પુનરાવર્તન છે.

તેલ-ગેસનાં ભંડારો અખૂટ નથી. છતાં અમેરિકન સરકારની નીતિ આજે પણ પેટ્રોલિયમ વાહનોની વધુ તરફેણ કરે છે. આજે જગતમાં વીજળીથી ચાલતા વાહનો, મોટરકારોમાં ચીન સૌથી અગ્રેસર છે. જો ધરતીને પ્રદૂષણ-મુક્ત બનાવવી હશે તો અખૂટ સ્ત્રોત-સંસાધનોમાંથી વીજળી ઉત્પન્ન કરવી પડશે અને બેટરીથી ચાલતી ગાડીઓ અપનાવવી પડશે. જોકે બેટરી ચાર્જ કરવા માટે જે વીજળી વપરાઈ તે કયા સોર્સમાંથી મેળવવામાં આવે છે તે પણ પર્યાવરણ માટે મહત્ત્વની બાબત છે. તેલ કે કોલસો બાળીને વીજળી પેદા કરાય અને તેના વડે વાહનોની બેટરીઓ ચાર્જ કરાય તે પર્યાવરણના નુકસાનને યથાવત રાખે છે. માત્ર તે પેદા થવાનું સ્થળ બદલાય છે. દુનિયા આ બાબતમાં ચિંતિત છે અને હવામાન પરિવર્તનને ચિંતા વધુ ભડકાવી છે. અમેરિકાને બાદ કરતા, એટલે કે અમેરિકાની સરકારને બાદ કરતાં બાકીની તમામ દુનિયા પ્રદૂષણ ઘટાડવાના ઉપક્રમમાં પ્રવૃત્ત છે. સ્વયં અમેરિકાના ઈલોન મસ્કે સૌર ઊર્જા માટે સાવ નાના કદની, પણ હાલની પેનલો કરતા દસ ગણીથી વધુ વીજળી પેદા કરે એવી સૌર પેનલો તૈયાર કરી છે. મકાનના છાપરાનો જ એક અતૂટ ભાગ બની રહે છે તેથી વાવાઝોડામાં, સખત પવનમાં ઊડી જતી નથી. જોકે તે અમેરિકાના તાપમાનને અનુરૂપ બનાવાઈ છે જે ભારતની ગરમીમાં કામ નહી આપે. ભારતની ઊંચી ગરમીમાં તેની ક્ષમતા સાવ ઘટી જાય છે. પરંતુ એ ટેકનોલોજીમાં જરૂરી સંશોધનો ભારત સરકારે દેશને અનુરૂપ પેનલોનું નિર્માણ કરવા આગળ વધવું જોઈએ. વિદેશી ટેકનોલોજીની નકલ કરવાની દેશની મનોવૃત્તિ થઈ પડી છે. તેમાંથી દેશને બહાર કાઢવા માત્ર ચૂંટણીલક્ષી અભિગમને ટાળવો જોઈએ. અનેક પ્રવૃત્તિઓ એવી હોય છે જે શરૂ કર્યા બાદ પંદર-વીસ વરસે પરિણામો આપે. માત્ર પાંચ વર્ષનો પોગ્રામ (ફ્રી રેશન વગેરે) કરતા નેતાઓને તેમાં રસ નથી.

આ લખવાનો અર્થ એ પણ નથી કે વર્તમાન નરેન્દ્ર મોદી સરકાર ઊર્જા સ્વાવલંબન બાબતમાં ચિંતિત નથી. બલ્કે વધુ ચિંતિત છે. પરંતુ તકલીફ આવી ત્યારે વ્યથા જાહેર કરવી વગર આગે દુનિયાને દઝાડી રહી છે. શરૂ થયાને મહિનો થયો. રસોઈ ગેસની ટ્રબલ દુનિયાની સૌથી મોટી ટ્રબલ બની રહી છે. ભારત સરકાર પાસે પર્યાપ્ત પુરવઠો છે.

પરંતુ પ્રજા તો તેનાથી પણ આગળ વિચારી રહી છે. કારણ કે યુક્રેન-રશિયા યુદ્ધ ચાર વરસથી ચાલી રહ્યું છે. યહૂદીઓ-મુસ્લિમો વચ્ચેનું યુદ્ધ સાત ઓક્ટોબર 2023થી શરૂ થયું છે. હજી અંત આવ્યો નથી. પરંતુ એક મહિનામાં કુપરિણામો જોવા મળી રહ્યાં છે. વૈશ્વિક સંકટો રાતોરાત ખત્મ થઈ જતાં નથી. ગેસની અછતને કારણે આંગણવાડીઓ તેમ જ શાળાઓના મીડ-ડે વ્યવસ્થાઓ ખોરવાઈ છે. ગ્રામ્ય પ્રદેશોની




**જો દુનિયાનો એક નંબરનો ઉપભોક્તા અને ઔદ્યોગિક દેશને કંઈ ન પડી હોય તો બાકીની દુનિયા સાથે મળીને પણ કંઈ ફરક પાડવાની નથી. એક અમેરિકા સ્વીમિંગ પૂલ બગાડે તો સ્વચ્છતાની ચિંતા કરવાનો મતલબ શો?**

તેને અમુક વર્ગ મજબૂરી ગણે છે. ખેર! હાલની અછત લાંબી ચાલી તો લાંબા ગાળાના ઉકેલો શોધવાની દેશ અને દુનિયાને ફરજ પડશે. નેસેસીટી ઈઝ મધર ઓફ ઈન્વેનશન. હાલનું યુદ્ધ એ નેસેસીટી, એ મજબૂરી લઈને આવ્યું છે. દુનિયાના અમુક ગણ્યા ગાંઠ્યા દેશોના સ્ત્રોત પર આધીન રહેવું અને ઘર આંગણે તાગડધીન્ના રમવા તેનાં બુરા પરિણામો હવે દેખાશે. કટોકટી જેટલી વધુ ચાલી એટલા વધુ દેખાશે. બલ્કે, દેખાવાની શરૂઆત અનેકવિધ ક્ષેત્રો અને પ્રવૃત્તિઓમાં થઈ રહી છે. હાલના સમાચાર મુજબ ઈરાને ભારતના જહાજો માટે હોર્મુઝ ખાડીનો દરવાજો ખુલ્લો મૂક્યો છે. છતાં યુદ્ધમાં અનેક દેશો સીધી યા આડકતરી રીતે જોડાયેલા છે તેથી ક્યાંથી કોઈક અટકચાળો કરે તે કહી શકાય નહીં. સાવ શાંતિ સ્થપાય ત્યાં સુધી કશું નક્કી કહી શકાય તેમ નથી. યુદ્ધ લાંબુ ચાલે તો દેશની અને જગતની બુરી વલે થવાની છે. વધુ માર ઈરાની પ્રજા ખાઈ રહી છે. બીજુ બધું બાજુએ રાખો અને ઈરાનની પ્રજાની ત્રાસદી ગણતરીમાં લઈએ તો પણ યુદ્ધ સત્વરે બંધ થવું જોઈએ. આસ્તિક હો કે નાસ્તિક, બધા જ પ્રભુને પ્રાર્થના કરો. કોમળ માસૂમ બાળકોનો વિચાર કરો. સત્તા માટે સંહારો આચરતા પુરૂષોને પ્રભુ સદબુદ્ધિ આપે. કોઈ માતા યુદ્ધ ઈચ્છતી જ નથી.

આ સિવાયની વિભિષિકાઓ અસહ્ય છે. યુદ્ધની આગ, આંગણવાડીઓમાં રસોઈયાઓ અને ગ્રામ્યજનો મળીને લાંકડાંના ચુલા સળગાવીને રસોઈ પકવી નાખે છે, પણ નગરો અને શહેરોની આંગણવાડીઓ પર બુરી અસર પડી છે. આમેય લાકડા બાળવાથી પ્રદૂષણ પણ વધે. જોકે સંકટના સમયે બાળવાથી રાહત મળે છે. વાત માત્ર આંગણવાડીઓ પૂરતી મર્યાદિત નથી. ગેસની અછત અને તેમાં અફવાઓનો પ્રાશ એટલો ફેલાયો કે નાનાં નગરો ગામડાંની સ્ત્રીઓ લાકડાં, કે કોલસા બાળીને રસોઈ કરતી થઈ ગઈ છે.

ભારતની મિડ-ડે મિલ યોજનામાં દેશભરમાં 27 લાખ રસોઈયાઓ અને સહાયકો જોડાયેલા છે. આમાંની અધિક્તર મહિલાઓ છે. 90 ટકાથી વધુ બહેનો લાકડા બાળવા માટે પણ પરંપરાગત રીતે ટેવાયેલી છે તેથી ગ્રામીણ પ્રદેશોમાં તેઓ સંકટનો સામનો કરી કાઢશે.

તકલીફ શહેરી વિસ્તારોમાં વધશે જેનો સરકાર કોઈક ઉકેલ કાઢશે. મહાનગરોમાં જુગ્ગી-ઝુપડપટ્ટીઓમાં વસતાં લોકો પણ ક્યાંયથી આડે અવળેથી લાકડાં એકઠા કરે છે. મોટા ભાગના રંગો રસાયણો ચડાવેલાં જૂના ફર્નીચરના અને પેકેજિંગ મટિરિયલ્સનાં લાકડાં હોય છે. તે બળવાથી રસાયણો હવામાં ધુમડા સાથે ફેલાય જે વાપરનાર અને પરિસરોના લોકોના આરોગ્ય માટે જોખમી નિવડી શકે છે. ટીબી, અસ્થમા, એડિમાં વગેરેને વકરાવી શકે છે, શહેરોમાં રહેવાની આ બધી ફિલ્પસાઈડો છે.

...અનુસંધાન પાના નં. 7

CRIME SCENE CRIME SCENE CRIME SCENE CRIME SCENE CRIME SCENE

# ત્રણેય ગયા એક જ સ્થળે ડિનર માટે અને નાટક જોવા પણ !

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

લવ, લસ્ટ અને મર્ડરની આ કથામાં ત્રણેય મુખ્ય પાત્રના સપના, લાલચ, વેર અને વાસના તેમને ફરી મેળવવાના હતા. 25મી જુને એવલિન નેસ્બિટ ફિફ્સ એવન્યુ સ્થિત હોટલમાંથી હેરી થોને નજીકના બારમાં મળવા માટે




નીકળી. એ સમયે હેરી સ્કોચના ત્રણ પેગ ગટગટાવી ચૂક્યો હતો. અહીંથી નીકળીને એવલિન અને હેરી દોસ્તો સાથે ડિનર માટે કાફે માર્ટિન પહોંચ્યા.

અહીં એક ભયંકર આંચકો આ યુગલની પ્રતીક્ષા કરતો હતો. કુદરતનો ખેલ જુઓ કે સ્ટેનફોર્ડ વ્હાઈટને પણ ડિનર માટે આ કાફે માર્ટિન નામની જગ્યા જ મળી. સ્ટેનફોર્ડ ત્યાં પોતાના દિકરા સાથે આવ્યો હતો. સ્ટેનફોર્ડ પર નજર પડતાની સાથે એવલિનના શરીરમાં ભયનું લખલખું પસાર થઈ ગયું. હેરી જો સ્ટેનફોર્ડને જોઈ લેશે તો શું કરી બેસશે?! પરંતુ પત્નીની ધારણા અને પોતાના સ્વાભાવથી એકદમ વિપરીત હેરી એકદમ શાંત રહ્યો. જાણે કંઈ બન્યુ ન હોય કે કોઈને જોયો ન હોય. પરંતુ ડિનર પત્યા બાદ હેરીએ પોતાના માથા પર હેટ એટલા જોરથી મૂકી- મારી કે હેટ લગભગ તૂટી ગઈ. તરડાયેલા અવાજમાં તેણે એવલિનને જણાવ્યું કે આપણે મેડિસન સ્કવેર ગાર્ડનના ઓપન-એર રૂફટોપ થિયેટરમાં નાટક જોવા જઈએ છીએ.

તો લાઈફના ડ્રામાનું આગામી દૃશ્ય કે પરાકાષ્ઠા ઓપન એર રૂફટોપ થિયેટરના મ્યુઝિકલ ડ્રામા સાથે ભજવવાનો હતો. શો દરમિયાન હેરીએ જોયુ કે સ્ટેનફોર્ડ નાટક જોવા અહીં પણ આવ્યો છે. એક પતિ, એક માલિકી ભાવ ધરાવતા પુરુષના મનમાં જાતજાતની શંકા-કુશંકા આવી જ હશે. હેરી આંટાફેરા મારવા માંડ્યો, જેની સરખામણી એક સાક્ષીએ 'પિંજરામાં પુરાયેલા વાઘ' સાથે કરી હતી.

મ્યુઝિકલ ડ્રામા કલર ક્લાઈમેક્સ ભણી આગળ ધપતું હતું, ત્યારે હેરીએ સ્ટેજથી પાંચમી હરોળમાં આવેલી પોતાની બેઠક પર બેસી ગયો. હવે એને જાની દુશ્મન સ્ટેનફોર્ડ સ્પષ્ટપણે દેખાવા માંડ્યો. એની ધીરજ ખૂટી ગઈ. કદાચ એવલિનને અણબનાવના એંધાણ મળવા માંડ્યા હતા. તેણે હેરીને નીકળવા માટે સમજાવ્યો. બંને લિફ્ટ ભણી ચાલવા માંડ્યા. એવલિન કોઈ ફ્રેન્ડ સાથે વાતચીતમાં હતી એ તક ઝડપીને હેરી છટકી ગયો.

મ્યુઝિકલ નાટકમાં કોરસ 'આઈ કુડ લવ અ થાઉઝન્ડ ગર્લ્સ' ગવાતુ હતું. ત્યારે દર્શકોના રસમાં-રંગમાં ભંગ પડ્યો. જો કે મોટા અવાજથી. હજી કોઈ કંઈ સમજે કે કરે એ અગાઉ બીજા બે ધડાકા સંભળાયા. એ અવાજ હતા. થોડીવારમાં બૂમાબૂમ શરૂ થઈ ગઈ. 'હિ શોટ હિમ હિ શોટ હિમ.' સ્ટેનફોર્ડ વ્હાઈટનું લોહી ટેબલ ક્લોથને લાલચોળ બનાવી રહ્યું હતું. ત્યારે હેરીએ ભાગવાનો પ્રયાસ સુદ્ધા ન



કર્યો. એના ચહેરા પર પસ્તાવો ય નહોતો. એના મોઢા પર વિજયનો પિશાચી ઉન્માદ હતો. હેરી બૂમ-બરાડા પાડવા માંડ્યોઃ 'મારે આ કરવું પડ્યું, કારણ કે તેણે મારી પત્નીને પરેશાન કરી... એ આને જ લાયક હતો.. બિચારી છોકરીનું શોષણ કરીને એને છોડી દીધી.

અફરાતફરીમાં ડઘાઈ ગયેલા દર્શકો ઉતાવળે નીકળવા માંડ્યા. ત્યારબાદ તપાસમાં ખબર પડી કે સ્ટેનફોર્ડ પર લગભગ બાર ફૂટના અંતરથી પહેલી ગોળી છોડાઈ હતી. પછી એ હેરી એના ટેબલ નજીક ગયો ને વધુ બે ગોળી છોડી. બે ગોળી માથામાં ખૂંપી ગઈ અને એક ખભામાં બેસી ગઈ હતી.

આ અરાજકતા વચ્ચે થિયેટર મેનેજરે ટેબલ પર ચડીને બૂમ પાડી. 'ગો ઓન પ્લેઈંગ... સ્ટાર્ટ ધ કોરસ, પણ આવામાં રોકાય કોણ? પોલીસ ઓફિસર હેરી થોને

**અહીં એક ભયંકર આંચકો આ યુગલની પ્રતીક્ષા કરતો હતો. કુદરતનો ખેલ જુઓ કે સ્ટેનફોર્ડ વ્હાઈટને પણ ડિનર માટે આ કાફે માર્ટિન નામની જગ્યા જ મળી**

લઈ ગયા ત્યારે એવલિને પતિને કહ્યું કે જો તું કેવી મુસીબતમાં ફસાઈ ગયો છો? હેરીએ જવાબ આપ્યો કે મેં કદાચ તારુ જીવન બચાવી લીધું છે. એ રાતે ત્રણ વાગ્યે હેરી થો પર મર્ડરનો આરોપ મુકાયો અને ટોમ્બસ પ્રિસનમાં લઈ જવાયો. આ દરમિયાન પત્રકારો એવલિનની પાછળ પડી ગયા પણ એ કોઈને હાથ ન લાગી. એણે પોતાની ફ્રેન્ડના ઘરે એક પળનું મટકુંય માર્યા વગર બે દિવસ સંતાયેલી રહી. અખબારોએ એવલિનને 'ધ ગર્લ હુડિની'નું ઉપનામ આપી દીધું. હત્યા પાછળના કારણ અને તક વિશે અફવાબાજી તેજીથી વધવા માંડ્યો. આની વચ્ચે એક સ્ટુડિયો રાતોરાત રૂફટોપ મર્ડર પર ફિલ્મ બનાવવામાં જોતરાઈ ગયો.

સ્ટેનફોર્ડ વ્હાઈટ મરી ગયો અને હેરી થો પકડાઈ ગયો પણ અહીંથી અમેરિકાના ન્યાયતંત્રની કસોટી અને પાંચમી જાગીર ગણાતા પ્રસાર માધ્યમોનો નફાદાર ઓવરટાઈમ શરૂ થવાનો હતો. (ક્રમશઃ)




## કોંગ્રેસને તેની જૂની કચેરીની ઇમારત ખાલી કરવા નોટિસ અપાઇ, ભાજપને નહીં!

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

એ વાત રસપ્રદ છે કે એક તરફ કોંગ્રેસને તેના અકબર રોડ સ્થિત કાર્યાલય પરિસર ખાલી કરવા માટે એવિક્શન નોટિસ (ખાલી કરવાની નોટિસ) આપવામાં આવી છે તો બીજી તરફ ભાજપ હજુ પણ અશોકા રોડ પરના તે મકાન પર કબજો ધરાવે છે જે અગાઉ તેનું રાષ્ટ્રીય મુખ્યાલય હતું.બંને પક્ષો પાસે નવા કાર્યાલય ભવનો છે. ભાજપનું કાર્યાલય દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર છે અને કોંગ્રેસ પક્ષનું કાર્યાલય નજીકના કોટલા રોડ પર આવેલું છે. ભાજપે તેના મોટાભાગના હોદ્દેદારોને ડીડીયુ માર્ગ સ્થિત પરિસરમાં ખસેડી દીધા છે અને દરેક ચૂંટણી જીત્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા




સંબોધવામાં આવતી વિજય રેલીઓ માટે પણ તે મેદાનનો ઉપયોગ કરે છે. જો કે, અમુક કામગીરી માટે અશોકા રોડ પરની જૂની ઇમારત જાળવી રાખી છે. ઉદાહરણ તરીકે, આઈટી સેલ ત્યાંથી કાર્યરત છે અને ચૂંટણીઓ માટેનો તેનો 'વોર રૂમ' પણ ત્યાં જ છે. કોંગ્રેસનું સત્તાવાર સરનામું કોટલા રોડ પરનું તેનું નવું પરિસર છે. તેમ છતાં, તેની મોટાભાગની પ્રવૃત્તિઓ જૂની અકબર રોડ ઓફિસ પરથી જ ચાલુ છે. કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકો હજુ પણ ત્યાં જ યોજાય છે. પક્ષ તેના સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ અને સ્થાપના દિવસના ધ્વજવંદન સમારોહ પણ અકબર રોડ પર જ યોજે છે.ભાજપ સત્તાધારી પક્ષ હોવાથી તેની પાસે સરકારી ઇમારતોની ફાળવણીનો વિશેષાધિકાર છે અને હવે તેણે નિર્ણય લીધો છે કે તે અકબર રોડ પરની કોંગ્રેસ ઓફિસને ફરીથી સરકારી આવાસના પુલમાં પરત મેળવવા માંગે છે. કોંગ્રેસ આ એવિક્શન ઓર્ડરથી નારાજ છે. તેના નેતાઓએ તેને બદલાની રાજનીતિ ગણાવી છે. પરિસર ખાલી કરવાની અંતિમ મુદત શનિવાર, ૨૮ માર્ચ છે પરંતુ પક્ષે મક્કમ રહેવાનો અને કાયદાકીય લડત આપવાનો નિર્ણય કર્યો છે, જે એક રીતે મોદી સરકારને એવિક્શન ટ્રકો (સામાન ખસેડવા માટેનાં વાહનો) મોકલવા માટેનો પડકાર છે. પક્ષનું અકબર રોડની ઇમારત સાથે લાંબું ભાવનાત્મક જોડાણ છે, જે તેના કબજામાં ૪૮ વર્ષથી છે. ૧૯૭૭ની કટોકટી પછીની ચૂંટણીઓમાં કારમી હાર બાદ ઈન્દિરા ગાંધીએ અહીંથી જ પોતાની વાપસીની શરૂઆત કરી હતી.

## પશ્ચિમ એશિયા અંગે સર્વપક્ષીય બેઠક: શાસક-વિપક્ષનાં વિરોધાભાસી નિવેદનો

પશ્ચિમ એશિયાના સંકટ પર બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક અંગેના સરકારના નિવેદન અને તેમાં હાજર રહેલા વિપક્ષી નેતાઓની ટિપ્પણીઓ વચ્ચે એટલો મોટો તફાવત છે કે સામાન્ય જનતાને આ ચર્ચાઓનું શું પરિણામ આવ્યું તે અંગે બહુ ઓછી જાણકારી છે. સરકારે એવો દાવો કર્યો છે કે આ બેઠક ખૂબ જ સૌહાર્દપૂર્ણ રહી હતી અને વિપક્ષી નેતાઓએ માત્ર સર્વપક્ષીય બેઠક યોજવા બદલ સરકારનો આભાર જ નથી માન્યો પરંતુ એમ પણ કહ્યું છે કે તેઓ વર્તમાન સંકટમાં



સરકારની સાથે ઊભા રહેશે. જો કે, વિરોધ પક્ષના નેતાઓએ એક અલગ જ ચિત્ર રજૂ કર્યું છે અને સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેઓ ચર્ચાથી સંતુષ્ટ નથી કારણ કે સરકારે તેમના પ્રશ્નોના જવાબ આપ્યા નથી. ઉદાહરણ તરીકે, જ્યારે પૂછવામાં આવ્યું કે યુદ્ધ શરૂ થવાના માત્ર બે દિવસ પહેલાં વડા પ્રધાનને ઇઝરાયેલની મુલાકાત લેવાની શું જરૂર પડી, ત્યારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહ સહિતના સરકારી પ્રતિનિધિઓ મૌન રહ્યા હતા. વિપક્ષી નેતાઓએ ઈરાનમાં અમેરિકી હવાઈ હુમલામાં ૧૬૦ સ્કૂલી વિદ્યાર્થિનીઓના મોત પર સરકારના મૌન સામે પણ સવાલ ઉઠાવ્યા હતા. પરંતુ આ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નહોતી. સૌથી મોટી વિસંગતતા આ બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ(ટીએમસી)ની ગેરહાજરીને લઈને જોવા મળી હતી. સરકારનો દાવો છે કે TMCના નેતાઓ ચૂંટણીના કારણે પ્રવાસમાં હતા, જ્યારે ખુદ TMCએ સ્પષ્ટ કર્યું કે તેણે આ બેઠકનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. TMC નેતાઓએ પશ્ચિમ એશિયાના યુદ્ધ જેવા ગંભીર મુદ્દે સંસદમાં ચર્ચા કરવા દેવાની વિપક્ષની માંગ સ્વીકારવાને બદલે, બંધ બારણે બેઠક યોજવાના તર્ક સામે સવાલ ઉઠાવ્યા હતા. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' પર યોજાયેલી સર્વપક્ષીય બેઠકની જેમ, આ વખતે પણ પશ્ચિમ એશિયાની બેઠકમાં વડા પ્રધાન હાજર રહ્યા નહોતા. તેમણે આ બેઠકની અધ્યક્ષતા રાજનાથ સિંહને સોંપી હતી. રસપ્રદ વાત એ છે કે, રાહુલ ગાંધી ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર'ની બેઠકમાં હાજર રહ્યા હતા પરંતુ પશ્ચિમ એશિયાની બેઠકમાં તેઓ ગેરહાજર રહ્યા હતા. સત્તાવાર રીતે એવું કહેવાયું કે કેરળમાં તેમના અગાઉથી નક્કી કરેલા ચૂંટણી કાર્યક્રમો હતા પરંતુ કોંગ્રેસ વર્તુળોનું કહેવું છે કે રાહુલ ગાંધી જાણી જોઈને દૂર રહ્યા હતા કારણ કે તેઓ જાણતા હતા કે મોદી ત્યાં હાજર રહેવાના નથી.

